આજની પ્રાર્થના....
સકલ જગત કો આપ રચાવે
સબકા પાલનહારા, અંદર
બાહિર સબ ઘટ પૂરન,
સબસે નિશદિન ન્યારા,
પ્રભુ તેરી મહિમા
પરમ અપારા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૭૫ | ૨૬ મે, ૨૦૨૧, બુધવાર; વૈશાખ સુદ - ૧૫ | પાનાં - ૬ કિંમત રૂ. ૨.૦૦

# ‘યાસ’ વાવાઝોડાએ ધારણ કર્યું પ્રચંડ સ્વરૂપ

## આજે બંગાળ-ઓડિસાના દરિયાકાંઠે ત્રાટકશે, બંગાળ ઓડિશામાં અતિભારે વરસાદ

ન્યુ દિલ્હી,તા.૨૫

વાવાઝોડું તાઉ-તે બાદ દેશમાં હવે ચક્રવાત ‘યાસ’ વાવાઝોડુંનો ભય તોળાઈ રહ્યો છે. એ બુધવારે ઓડિશા અને પશ્ચિમ બંગાળના દરિયાકિનારા પર ત્રાટકશે. આ પહેલાં આજથી ઘણા વિસ્તારોમાં વરસાદ શરૂ થઈ ગયો છે. આજે ભુવનેશ્વર, ઓડિશાના ચાંદીપુર અને બંગાળના દિધામાં વરસાદ પડી રહ્યો છે. વાવાઝોડાને લઈને બિહાર અને ઝારખંડમાં પણ અલર્ટ જારી કરવામાં આવ્યું છે.

’યાસ’ સોમવારની રાતથી ખતરનાક થવાનું શરૂ થઈ ગયું છે. આ અસરને કારણે આજે બંગાળમાં મેદિનીપુર, ૨૪ પરગના અને હુગલીમાં પણ વરસાદ પડી શકે છે. નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (દ્રહ્ણઈહ્વ)એ પૂર્વ મેદિનીપુર અને દિધાના કેટલાક વિસ્તારો સોમવારે જ ખાલી કરાવી લેવામાં આવ્યા હતા.

આ પહેલા અનેક વિસ્તારોમાં આજથી જ વરસાદ શરૂ થઈ જશે. ઓરિસ્સાના ભુવનેશ્વર, ચાંદીપુર



અને બંગાળના દિઘામાં આજે વરસાદ થઈ રહ્યો છે. તો વાવાઝોડાને લઈને બિહાર અને ઝારખંડમાં એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. યાસ વાવાઝોડું સોમવાર રાતથી ખરતનાક થવાનું શરૂ થઈ ગયું છે. આની અસરથી આજે બંગાળના મેદિનીપુર, ૨૪ પરગણા અને હુગલીમાં પણ વરસાદ થઈ શકે છે.

પશ્ચિમ બંગાળ અને ઉત્તરી ઓડિશાના તટીય વિસ્તારોમાં ચક્રવાતી વાવાઝોડા યાસનું જોખમ વર્તાઈ રહ્યું છે. હવામાન વિભાગે (ૈંસ્ડ્ઢ) ૨૪ કલાકની અંદર વાવાઝોડું ગંભીર તોફાનનું સ્વરૂપ ધારણ કરશે તેવી આશંકા વ્યક્ત કરી હતી. હવામાન વિભાગના અહેવાલ પ્રમાણે યાસ વાવાઝોડાના કારણે મંગળવારે ઓડિશા અને પશ્ચિમ બંગાળના તટીય વિસ્તારોમાં ભારે પવન સાથે મૂશળધાર વરસાદની આશંકા છે.

નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સએ પૂર્વ મેદિનીપુર અને દિઘાના અનેક વિસ્તારો સોમવારના જ ખાલી કરાવી દીધા હતા. યાસ વાવાઝોડું પારાદીપ અને સાગર આઈલેન્ડની વચ્ચે બુધવારના ટકરાવાની શક્યતા છે. આના કારણે ૧૬૫ કિમી પ્રતિ કલાકની ઝડપે હવાઓ ચાલી શકે છે અને ૨ મીટરથી ૪.૫ મીટર સુધી મોજાઓ ઉછળી શકે છે. હવામાન વિભાગનું કહેવું છે કે દરિયા કિનારાથી ટકરાતા પહેલા યાસ ઘણું ખતરનાક બની શકે છે. યાસ વાવાઝોડાને જોતા પશ્ચિમ બંગાળ અને ઓરિસ્સામાં એનડીઆરએફની ટીમો તહેનાત છે. એરફોર્સ અને નેવીએ પણ પોતાના કેટલાક હેલિકોપ્ટર અને નૌકાઓ રાહત કાર્ય માટે રિઝર્વ રાખી છે. વાવાઝોડાને લઈને ઓરિસ્સાએ બાલાસોર, ભદ્રક, કેન્દ્રપારા, જગતસિંઘપુર, મયૂરભંજ અને કેઓનઝાર જિલ્લા હાઈ રિસ્ક ઝોન જાહેર કર્યા છે. યાસની અસરથી પશ્ચિમ બંગાળના કોલકાતા, હાવડા, હુગલીમાં બુધવારના ૭૦-૮૦ કિમી પ્રતિ કલાકની ઝડપથી હવાઓ ચાલી શકે છે.

## પશ્ચિમ બંગાળ - ઓડિશામાં વાવાઝોડા પૂર્વે હજારો પરિવારોનું સ્થળાંતર

નવી દિલ્હી, તા. ૨૫

પશ્ચિમ બંગાળ અને ઉત્તરી ઓડિશાના તટીય વિસ્તારોમાં ચક્રવાતી વાવાઝોડા યાસનું જોખમ વર્તાઈ રહ્યું છે. હવામાન વિભાગે (આઈએમડી) ૨૪ કલાકની અંદર વાવાઝોડું ગંભીર તોફાનનું સ્વરૂપ ધારણ કરશે તેવી આશંકા વ્યક્ત કરી હતી. હવામાન વિભાગના અહેવાલ પ્રમાણે યાસ વાવાઝોડાના કારણે મંગળવારે ઓડિશા અને પશ્ચિમ બંગાળના તટીય વિસ્તારોમાં ભારે પવન સાથે મૂશળધાર વરસાદની આશંકા છે.

વાવાઝોડાના કારણે તટીય વિસ્તારોમાં ૨-૪ મીટર ઉંચી લહેરો ઉઠી શકે છે. હવામાન વિભાગે જણાવ્યું કે, ભીષણ તોફાન દરમિયાન ૧૫૫થી ૧૬૫ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફુંકાવાની શક્યતા છે, જે ૧૮૫ કિમી પ્રતિ કલાકની ઝડપ પકડી શકે છે. હવામાન ક્ષેત્રના વૈજ્ઞાનિકોના કહેવા પ્રમાણે યાસ વાવાઝોડું બુધવારે (૨૬ મે) સાંજ સુધીમાં ઓડિશાના પારાદીપ અને સાગર આઈલેન્ડ વચ્ચે લેન્ડફોલ કરી શકે છે. યાસ વાવાઝોડાનો સામનો કરવા માટે પશ્ચિમ બંગાળ અને ઓડિશામાં એનડીઆરએફની અનેક ટીમ તૈનાત કરવામાં આવી છે. વાવાઝોડાના કારણે ઓડિશાના ભદ્રક, કેન્દ્રપાડા, જાજપુર, જગતસિંહપુર અને મયૂરભંજ વિસ્તારો સૌથી વધારે પ્રભાવિત થઈ શકે છે. જ્યારે પશ્ચિમ બંગાળના મેદિનીપુર, દક્ષિણ ૨૪ પરગણા, હાવડા, હુગલી અને ઉત્તર ૨૪ પરગણામાં અસર જોવા મળશે.

## પેટ્રોલ-ડિઝલના ભાવમાં ફરી ભડકો, ગુજરાતના શહેરોમાં લિટરે ૯૦ પાર

અમદાવાદ,તા.૨૫

સરકારી ઓઈલ કંપનીઓ આજે પેટ્રોલ-ડિઝલના ભાવમાં ફરી વધારો કર્યો છે. ઘર આંગણે પેટ્રોલ અને ડિઝલના ભાવમાં પ્રતિ લિટર ક્રમશઃ ૨૬ અને ૨૯ પૈસા મોંઘુ થયું છે. પેટ્રોલ-ડિઝલના ભાવ સોમવારે સ્થિર હતા. જો કે રવિવારના રોજ ભાવમાં વધારો થયો હતો. ગુજરાતના મુખ્ય શહેરોમાં પ્રતિ લિટર ભાવની વાત કરીએ તો સુરતમાં પેટ્રોલ રૂ.૯૦.૫૪ અને ડિઝલ રૂ.૯૦.૮૮, અમદાવાદમાં પેટ્રોલ રૂ.૯૦.૫૪ અને ડિઝલ રૂ.૯૦.૮૭, વડોદરામાં પેટ્રોલ રૂ.૯૦.૨૪ અને ડિઝલ રૂ.૯૦.૫૭ તેમજ રાજકોટમાં પેટ્રોલ રૂ.૯૦.૨૪ અને ડિઝલ રૂ.૯૦.૫૮નું છે.

મે મહિનામાં અત્યાર સુધીમાં કુલ ૧૩ દિવસ ભાવ વધી ચૂકયા છે. પેટ્રોલ-ડિઝલના ભાવ રેકોર્ડ સપાટી પર છે. મુંબઈમાં તો પેટ્રોલ ૧૦૦ની બિલકુલ નજીક પહોંચી ગયું છે. તો રાજસ્થાન અને મધ્યપ્રદેશ બંને રાજ્યોના કેટલાંય શહેરોમાં ભાવ આસમાને છે. અહીં પેટ્રોલના ભાવ પ્રતિ લિટર ૧૦૦ને ક્રોસ કરી ગયા છે.

## બંગાળમાં હિંસાથી લોકોના પલાયન પર સુપ્રીમે જવાબ માગ્યો

### હિંસા, પલાયનની તપાસ માટે એક ટીમ બનાવે : સુપ્રીમનો હુકમ

નવી દિલ્હી, તા. ૨૫

પશ્ચિમ બંગાળમાં ચૂંટણી બાદ શરુ થયેલી હિંસા હજી પણ ચાલુ છે અને હવે સુપ્રીમ કોર્ટે આ હિંસાના પગલે લોકોના પલાયન અંગે રાજ્ય સરકારનો જવાબ માંગ્યો છે. સુપ્રીમમાં હિંસાના કારણે લોકોના થઈ રહેલા પલાયનને રોકવા માટે સુપ્રીમ કોર્ટ સમક્ષ એક પિટિશન કરવામાં આવી છે. સાથે સાથે તેમાં અનુરોધ કરવામાં આવ્યો છે કે, સુપ્રીમ કોર્ટ રાજ્ય સરકારને પલાયન રોકવા માટે આદેશ આપે તેમજ હિંસા અ્ને પલાયનની તપાસ કરવા માટે એક વિશેષ ટીમ બનાવાય તથા દોષીતો સામે આકરી કાર્યવાહી કરવામાં આવે. સુપ્રીમ કોર્ટે આ મામલામાં માનવાધિકાર પંચ તેમજ રાષ્ટ્રીય મહિલા આયોગને પક્ષકાર બનાવવા માટે પણ સૂચના આપી છે. પિટિશનમાં કહેવામાં આવ્યુ છે કે, માનવાધિકાર પંચ તથા મહિલા આયોગે રાજ્યની મુલાકાત પણ લીધી હતી અને ત્યાં લોકોની શું સ્થિતિ છે તે જોઈ હતી.ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં ચૂંટણી બાદ હિંસાના ડરથી લોકોના પલાયનના પગલે સુપ્રીમ કોર્ટે સરકારને નોટિસ આપી છે અને હવે તેની વધુ સુનાવણી સાત જૂને રાખી છે.

## બ્લેક તેમજ વ્હાઈટ કરતાં યલો ફંગસ વધુ ખતરનાક છે

નવી દિલ્હી,તા.૨૫

કોરોના મહામારી સાથે માંડ જીવતા શીખ્યા ત્યાં હવે બ્લેક ફંગસ અને વ્હાઈટ ફંગસે લોકોની ચિંતા વધારી છે. છેલ્લા થોડા દિવસમાં બ્લેક ફંગસના કેસમાં ઉછાળો જોવા મળ્યો છે. આ બંને ફંગસ અસ્વચ્છતાના કારણે ફેલાય છે. અત્યાર સુધીમાં ભારતમાં આના ૮૦૦૦થી વધુ કેસ નોંધાયા છે. હવે વધુ એક ફંગસનું જોખમ તોળાઈ રહ્યું છે. બ્લેક અને વ્હાઈટ ફંગસ બાદ હવે યલો ફંગસનો કેસ નોંધાતા ચિંતામાં ઉમેરો થયો છે. મીડિયા રિપોર્ટ અનુસાર, યલો ફંગસનો પહેલો કેસ ઉત્તરપ્રદેશના ગાઝિયાબાદમાં નોંધાયો છે. આ કેસ વિશે વધુ વિગતો હજી સામે નથી આવી ત્યારે ડૉક્ટરોનું કહેવું છે કે યલો ફંગસ બ્લેક અને વ્હાઈટ ફંગસ કરતાં પણ વધારે ખતરનાક હોઈ શકે છે.

અત્યાર સુધી મળેલી માહિતી પ્રમાણે, નિષ્ણાતોનું કહેવું છે કે, બ્લેક અને વ્હાઈટ ફંગસની સરખામણીમાં યલો ફંગસ વધારે ખતરનાક છે કારણકે તે શરીરના આંતરિક અંગો પર અસર કરે છે. બ્લેક અને વ્હાઈટ ફંગસના લક્ષણો શરીરના બહારના ભાગમાં જોવા મળે છે.

જ્યારે યલો ફંગસની શરૂઆત શરીરની અંદરથી થાય છે. પસ લીક થવું, ઘા રૂઝાવાની પ્રક્રિયા ધીમી થવી જેવા પ્રારંભિક લક્ષણો છે. જ્યારે યલો ફંગસના ગંભીર કિસ્સાઓમાં અંગો નિષ્ફળ જવા અને એક્યુટ નેક્રોસિસ (શરીરના કોઈ હાડકા અથવા પેશીજાલનો નાશ થવો) જેવી સ્થિતિ જોવા મળે છે.

## ૪૦ દિવસ બાદ ૨ લાખથી ઓછા કેસ

### દૈનિક મૃત્યુઆંક પણ ૩૫૦૦ કરતા ઓછો નોંધાયો : ભારતમાં કોરોનાથી રાહત મળી રહી હોવાના સંકેત મળ્યા છે, ૨૪ કલાકમાં દેશમાં ૨૯૫૬૮૫ નવા કેસ નોંધાયા, એક્ટિવ કેસની સંખ્યામાં ઘટાડો થયો



નવી દિલ્હી,તા.૨૫

ભારતમાં કોરોનાની બીજી લહેર ઘટતી દેખાઈ રહી છે. આ વખતે કોરોનાના દૈનિક કેસની સંખ્યા ૨ લાખ કરતા નીચે નોંધાઈ છે. ૧૪ એપ્રિલ બાદ પહેલીવાર એવું બન્યું છે કે કોરોનાના દૈનિક કેસનો આંકડો ૨ લાખ કરતા નીચો રહ્યો છે. બીજી રાહતની વાત એ છે કે મોતની સંખ્યામાં પણ ઘટાડો થયો છે. ભારતમાં કોરોનાથી રાહત મળી રહી હોવાના સંકેત મળ્યા છે. જેમાં ૨૪ કલાકમાં ભારતમાં ૨,૯૫,૬૮૫ નવા કેસ નોંધાયા છે. આ પહેલા ૧૪ એપ્રિલના રોજ એટલે કે લગભગ ૪૦ દિવસ પહેલા કોરોનાના કેસ ૨ લાખથી ઓછા નોંધાયા હતા. જ્યારે એક દિવસમાં ૧,૯૯,૫૮૪ નવા કેસ નોંધાયા હતા. આમ ૨૧ દિવસ પછી કોરોનાથી મરનારા લોકોની સંખ્યા ૩૫૦૦થી ઓછી નોંધાઈ છે. આ પહેલા ૩ મેના રોજ દેશમાં ૩,૪૩૯ લોકોના એક દિવસમાં કોરોનાના લીધે મોત થયા હતા. ભારતમાં કોરોનાના નવા કેસની સામે સાજા થનારા દર્દીઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો હોવાથી એક્ટિવ કેસમાં સતત ઘટાડો થઈ રહ્યો છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા પ્રમાણે ૨૨ દિવસમાં એક્ટિવ કેસની સંખ્યા ઘટી રહી છે. ૩ મેએ દેશમાં ૧૭.૧૩% એક્ટિવ કેસ હતા, જે ઘટીને ૧૦% કરતા ઓછા થઈ ગયા છે. પાછલા ૨ અઠવાડિયામાં એક્ટિવ કેસની સંખ્યામાં લગભગ ૧૦ લાખનો ઘટાડો નોંધાયો છે.

## સુશીલને રેલવે દ્વારા જોબમાંથી અંતે સસ્પેન્ડ કરવામાં આવ્યો

### છત્રસાલ મેદાનમાં સ્કૂલોમાં રમતગમતને પ્રોત્સાહન મળે તે માટે સ્પેશિયલ ડ્યુટી તરીકે નિમણૂંક અપાઈ હતી



નવી દિલ્હી, તા. ૨૫

ઓલિમ્પિકમાં ભાગ લઈ ચુકેલા પહેલવાન સુશીલ કુમારની હત્યા કેસમાં ધરપકડ થયા બાદ હવે રેલવે દ્વારા પણ તેને નોકરીમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યો છે.

એક અખબારા અહેવાલ પ્રમાણે સુશીલ કુમારની ધરપકડ સાથે જ તેના સસ્પેન્શનની તૈયારીઓ શરુ થઈ ગઈ હતી. મંગળવારે રેલવે દ્વારા તેના સસ્પેનશનની જાણકારી આપવામાં આવી છે. પોલીસની ધરપકડ બાદ તરત જ તેને નોકરી પરથી હટાવાયો છે. દિલ્હી સરકારમાં ડેપ્યુટેશન પર રહેલા સુશીલ કુમારને છત્રસાલ સ્ટેડિયમમાં સ્કૂલોમાં રમત ગમતને પ્રોત્સાહન મળે તે માટે ઓફિસર ઓન સ્પેશિયલ ડ્યુટી તરીકે નિમણૂંક અપાઈ હતી.

રેલવેનુ કહેવુ છે કે, રવિવારે રેલવે બોર્ડને સુશીલ કુમાર અંગે એક રિપોર્ટ મળ્યો છે. જેમાં સુશીલ કુમાર સામે ફરિયાદ દાખલ થઈ હોવાનો પણ ઉલ્લેખ છે. દિલ્હી સરકારે પણ સુશીલ કુમારનુ ડેપ્યુટેશન વધારવાની અરજી ફગાવી દીધી છે.

TV રીપેરીંગ
ગાંધીનગર માટે
LED TV, LCD
TV રીપેરીંગ માટે
ફોન કરો.
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧૯૮૩૬૬

## મહારાષ્ટ્રમાં વધુ કોરોનાના કેસ વાળા વિસ્તારોમાં હોમ આઈસોલેશન બંધ

મુંબઈ, તા. ૨૫

મહારાષ્ટ્રના આરોગ્ય મંત્રી રાજેશ ટોપેએ જણાવ્યું છે કે, રાજ્યના ૧૮ જિલ્લામાં કોરોના મહામારીના દર્દીઓનો પોઝિટિવિટ રેટ હજુ પણ ઘણો વધારે છે. જેથી આ જગ્યાઓ પર હોમ આઈસોલેશનને સંપૂર્ણ રીતે બંધ કરી કરી દેવાશે. હવે અહીંના કોરોના દર્દીઓને કોવિડ સેન્ટરમં જવું પડશે. હવે, રાજ્યમાં બધા નવા કોરોના દર્દીઓને હોમ આઈસોલેશનને બદલે કોવિડ સેન્ટરમાં રહેવું પડશે. ટોપેએ જણાવ્યું કે, રાજ્યનો રિકવરી રેટ ઝડપથી વધી રહ્યો છે. આશા વર્કર્સને કોરોના ટેસ્ટિંગની ટ્રેનિંગ અપાશે.

રાજેશ ટોપેએ જણાવ્યું કે, રાજ્યના ઘણા જિલ્લામાં કોરોનોના કેસમાં ઘટાડો નથી આવી રહ્યો. જોકે, રાજ્ય સકાર પોતાના તરફથી પૂરતો પ્રયાસ કરી રહી છે. એ પણ જાણવા મળ્યું છે કે, હોમ આઈસોલેશનમાં રહેવા દરમિયાન લોકો ઘરમાં રહેવાને બદલે બહાર ફરતા હોય છે. આવા દર્દીઓથી બીજા લોકો પણ કોરોના સંક્રમિત થાય છે. આ ઘટનાઓને જોતા રાજ્ય સરકારે આ નિર્ણય લીધો છે.

## ભારતના ડિજિટલ નિયમોનું પાલન કરવા ફેસબુક તૈયાર

નવી દિલ્હી, તા. ૨૫

સરકારે બનાવેલા નવા ડિજિટલ નિયમો લાગુ કરવાની સમયસીમા આજે પૂરી થઈ રહી છે ત્યારે હવે ફેસબૂકે આ નિયમો લાગુ કરવા માટે તૈયારી બતાવી છે.

સરકારે તો પહેલા જ ચેતવણી આપેલી છે કે, નવા નિયમો લાગુ નહીં કરનાર કંપની ભારતમાં બિઝનેસ નહીં કરી શકે ત્યારે ફેસબૂકના એક પ્રવક્તાએ કહ્યુ હતુ કે, કન્ટેન્ટને રેગ્યુલેટ કરવા માટે સરકારના નવા નિયમોનુ પાલન કરવા માટે કંપની તૈયાર છે પણ કેટલાક મુદ્દાઓ પર ચર્ચા પણ જરુરી છે. આ મુદ્દા પર સરકાર સાથે વધારે વાત કરવાની અમારી ઈચ્છા છે.આઈટીના નિયમો પ્રમાણે અમે ફેસબૂક સંચાલન માટેના નિયમો લાગુ કરવા માટે કામ કરી રહ્યા છે. ફેસબૂક પર લોકો પોતાના વિચારોને સ્વતંત્ર અને સુરક્ષિત રીતે વ્યક્ત કરી શકે તે માટે અમે કટબિધ્ધ છે.

સરકારના સૂત્રોના કહેવા પ્રમાણે નવા નિયમોનુ ટ્વિટર, ફેસબૂક અને ઈન્સ્ટાગ્રામ દ્વારા હજી પાલન કરવામાં આવ્યુ નથી. દરમિયાન ફેસબૂકે આજે ઉપરોક્ત નિવેદન આપ્યુ છે.

FIGHT CORONA
Maunil Shah
M. 90998 72551
Sanitization & Disinfection
સેનેટાઈઝ સર્વિસ
FDA & ISO સર્ટીફીકેટ વાળા સેનેટાઈઝર સ્પ્રે થી ક્વોરનટાઈન પહેલા અને પછી પણ સર્વિસ આપવામાં આવશે.
Portable Oxygen Cans Available For Emergency use
All COVID Fight Products Available

સરકાર માન્ય
વાછાણી COVID-19 હોસ્પિટલ
૨૪X૭ આપની સેવામાં ઉપલબ્ધ
સરનામું: પ્લોટ નં.૧૫૨૬, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
95123 55568 | 95123 55569
ઉપલબ્ધ સારવાર
૮ બેડ ICU | ૧૬ બેડ HDU (High Dependency Unit) | ૧૭ બેડ જનરલ વોર્ડ
વેન્ટિલેટર | બાઈપેપ | હિમોડાયાલિસિસ | OPD સ્કેન | ડિજીટલ X-Ray | પેથોલોજી
સોનોગ્રાફી | 2D Echo | બ્લડ બેન્ક ટાય-અપ | એમ્બ્યુલન્સ સેવા
કોવિડ-૧૯ OPD - સવારે ૯.૦૦ થી ૧૧.૦૦
નોંધઃ વાછાણી હોસ્પિટલ, કુડાસણ નોનકોવિડ શાખા છે.
COVID CARE AT HOME BY VACHHANI COVID HOSPITAL